### ખેડા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોના પ્રમુખ પદનું નવું રોટેશન જાહેર

# ખેડા જિલ્લા પંચાયતમાં હવે 'ST' શાસન!

**કપડવંજમાં** એસસી અને નડિયાદમાં ઓબીસી પ્રમુખ બનશે

**5 તાલુકા** પંચાયતોમાં મહિલાઓ સંભાળશે સત્તાના સૂત્રો




(પ્રતિનિધિ) નડિયાદ તા.27

ગુજરાત પંચાયત અધિનિયમ 1993ની જોગવાઈઓ હેઠળ વિકાસ કમિશનર દ્વારા ખેડા જિલ્લાના સ્થાનિક સ્વરાજ્યના માળખામાં મોટા ફેરફારો કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરાત મુજબ ખેડા જિલ્લા પંચાયતના પ્રમુખ પદની ફાળવણી અનુસૂચિત જનજાતિ માટે કરવામાં આવી છે, જે જિલ્લાના રાજકીય ઈતિહાસમાં એક મહત્વનો વળાંક માનવામાં આવે છે. આ નવા રોટેશન સાથે જ જિલ્લાની તમામ 11 તાલુકા પંચાયતોમાં પણ જ્ઞાતિગત અને લિંગ આધારિત અનામતનું નવું માળખું અમલી બન્યું છે.

નવા જાહેરનામા મુજબ, જિલ્લાના મુખ્ય મથક નડિયાદ તાલુકા પંચાયતમાં શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને કપડવંજમાં એસસી કેટેગરીના પ્રતિનિધિ પ્રમુખ બની શકશે. ફાગવેલ અને માતર તાલુકા પંચાયતોમાં પણ શૈક્ષણિક રીતે પછાત વર્ગ મહિલાઓ માટે પ્રમુખ પદ અનામત રખાયા છે. ગળતેશ્વર, કઠલાલ અને ઠાસરા એમ ત્રણ તાલુકાઓમાં સામાન્ય વર્ગની મહિલાઓ શાસન સંભાળશે. જ્યારે ખેડા, મહુધા, મહેમદાવાદ અને વસો તાલુકા પંચાયતોમાં પ્રમુખ પદ સામાન્ય વર્ગ માટે બિનઅનામત રાખવામાં આવ્યા છે. આ જાહેરાત બાદ રાજકીય પક્ષોમાં લાયક ઉમેદવારોની પસંદગી માટે મંથન શરૂ થઈ ગયું છે.

#### સ્ત્રી શક્તિનો દબદબો

ખેડા જિલ્લાની 5 તાલુકામાં મહિલા રાજ વિકાસ કમિશનરના નવા જાહેરનામામાં મહિલા સશક્તિકરણ પર ભાર મૂકવામાં આવ્યો છે. જિલ્લાની 11માંથી કુલ 5 તાલુકા પંચાયતોમાં મહિલાઓ પ્રમુખ બનશે. જેમાં ફાગવેલ અને માતરમાં પછાત વર્ગની મહિલાઓ તેમજ ગળતેશ્વર, કઠલાલ અને ઠાસરામાં સામાન્ય વર્ગની મહિલાઓ વહીવટનું સુકાન સંભાળશે.

#### સામાજિક સમાનતા પર ભાર

લાંબા સમય બાદ કપડવંજ તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ અનુસૂચિત જાતિ (SC) માટે ફાળવવામાં આવતા દલિત સમાજમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તેવી જ રીતે નડિયાદમાં SEBC મતદારોનો પ્રભાવ હોવાથી ત્યાં પણ પછાત વર્ગના સક્ષમ નેતાના હાથમાં વહીવટ જશે.

### ઉમરેઠમાં બ્રહ્માકુમારીઝ સેન્ટર દ્વારા ભવ્ય 'રામોત્સવ'ની ઉજવણી કરાઇ




ઉમરેઠમાં આવેલા બ્રહ્માકુમારીઝ સેન્ટર દ્વારા શ્રીરામનવમીના પવિત્ર અવસરે ભવ્યાતીભવ્ય 'રામોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ પ્રતિમાબેન પરમાર, મિલનભાઈ વ્યાસ, વિજયભાઈ ભટ્ટ (પ્રમુખ, લાયન્સ ક્લબ) અને અન્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહી હતી, જેમાં રામાયણ, શ્રી રામધુન, માતાજીના ગરબા અને 'ઓપરેશન સિંદૂર' જેવી કૃતિઓ રજૂ કરાઈ હતી. વિરપુર અને સેવાલિયાની આર.એસ.એ સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ પપ્પુભાઈ શાહના રામ ગીતોએ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. બ્રહ્માકુમારી નીતાબહેને આધ્યાત્મિક સંદેશ પાઠવ્યો હતો. - **ધનંજય શુક્લ**

# પેટલાદ પાસે કાર ટક્કરે આશાસ્પદ યુવકનું મોત

(પ્રતિનિધિ) પેટલાદ તા.27

ખંભાત-પેટલાદ હાઈવે પર શેખડી જવાના ટી પોઈન્ટ પાસે સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં 22 વર્ષીય યુવકનું કરૂણ મોત નિપજ્યું છે. પૂરપાટ ઝડપે ધસી આવેલી એક ફોરવ્હીલ ગાડીએ એક્ટિવાને ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો.


પેટલાદ ખાતે રહેતા દેવાભાઈ મણીભાઈ મારવાડીના ઘરે મહેમાન બનીને આવેલો તેમનો સાળો સાગર રમેશભાઈ સલાટ (ઉં.વ. 22) અન્ય મિત્રો સાથે 29મી માર્ચના રોજ જોગણ નહેરમાં નાહવા માટે ગયો હતો. બપોરે અઢી વાગ્યાના સુમારે જ્યારે તેઓ નહેરમાં નાહીને પરત ફરી રહ્યા હતા, ત્યારે સાગર અને તેનો મિત્ર સન્ની એક્ટિવા પર સવાર હતા.

શેખડી જવાના ટી પોઈન્ટ પાસે પહોંચતા જ શેખડી તરફના નાકામાંથી અચાનક એક ફોરવ્હીલ ગાડી (નંબર GJ27BL8813) ધસી આવી હતી અને સાગરની એક્ટિવા સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા સવાર બંને યુવકો રોડ પર પટકાતા બેભાન થઈ ગયા હતા. આથી, સ્થાનિક લોકોએ તાત્કાલિક 108 મારફતે ઘાયલોને પેટલાદ સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન સાગરનું મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. આ ઘટના અંગે મૃતકના માસા દેવાભાઈ મારવાડીએ કાર ચાલક વિરુદ્ધ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે.

### ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં જંગી મતદાન માટે તંત્રની કવાયત

# પપ્પા-મમ્મી, મતદાન કરજો છાત્રોએ વાલીને પત્ર લખ્યા

**મતદાનમાં** મહત્તમ ભાગીદારી નોંધાય તે હેતુથી 'સ્વીપ' અંતર્ગત જાગૃતિ અભિયાન



(પ્રતિનિધિ) આણંદ તા.27

ભારતના ચૂંટણી પંચ દ્વારા ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે, જેનું મતદાન આગામી 23મી એપ્રિલ 2026, ગુરૂવારના રોજ યોજાનાર છે. આ પેટા ચૂંટણીમાં મહત્તમ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વિશેષ જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

આ અંગે મતદાન જાગૃતિ (સ્વીપ) પ્રવૃત્તિઓના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદીના સંચાલન હેઠળ ઉમરેઠ તાલુકાની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓએ એક અનોખી પહેલ કરી છે. વિદ્યાર્થીઓએ તેમના વાલીઓને સંબોધીને લોકશાહીના પર્વમાં અચૂક મતદાન કરવા માટે લાગણીસભર પત્રો લખ્યા છે.

આ પત્રોમાં વિદ્યાર્થીઓએ વિનંતી કરી છે કે, પરિવારના જે સભ્યો લાયક મતદાર છે અને જેમના નામ યાદીમાં છે, તેઓ મતદાનના દિવસે સમય કાઢીને અચૂક મતદાન કરે. 'કોઈ પણ મતદાર મતદાનથી વંચિત ન રહે' તેવા સંકલ્પ સાથે વિદ્યાર્થીઓએ વાલીઓને પોતાની પવિત્ર ફરજ નિભાવી લોકશાહીને જીવંત રાખવા અપીલ કરી છે. સ્વીપના નોડલ અધિકારીના જણાવ્યા મુજબ, ઉમરેઠ વિધાનસભાના દરેક ગામમાં મતદારોને પ્રોત્સાહિત કરવા માટે આગામી સમયમાં પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

#### ઉમરેઠ વિધાનસભામાં આચારસંહિતાના અમલ સાથે ફ્લાઈંગ સ્ક્વોડ દ્વારા વાહનોનું સઘન ચેકિંગ

ઉમરેઠ વિધાનસભા પેટા ચૂંટણી માટે મતદાન યોજાનાર હોવાથી



જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ કરવામાં આવ્યો છે. ચૂંટણી અધિકારી જીજ્ઞા પટેલના માર્ગદર્શન હેઠળ ફ્લાઈંગ સ્ક્વોડની ટીમો દ્વારા શહેરના મુખ્ય ત્રણ એન્ટ્રી પોઈન્ટ પર વાહનોનું આકસ્મિક ચેકિંગ હાથ ધરાયું છે. જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરી દ્વારા ચૂંટણી ખર્ચ પર દેખરેખ રાખવા માટે એફ.એસ.ટી. અને એસ.એસ.ટી. સહિતની વિવિધ ટીમોની નિમણૂક કરવામાં આવી છે. આ ટીમો દ્વારા ઉમરેઠ વિસ્તારમાં ૨૪x૭ સતત નિરીક્ષણ કરી ચૂંટણીના નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

#### ઉમરેઠની ચૂંટણીમાં રાજકીય મંજૂરીઓ માટે મામલતદાર કચેરીએ સિંગલ વિન્ડો સિસ્ટમ શરૂ

ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા સિંગલ વિન્ડો સિસ્ટમ કાર્યરત કરવામાં આવી છે. આ વ્યવસ્થા હેઠળ રાજકીય પક્ષો સભા, સરઘસ, રેલી અને વાહનો માટેની તમામ પરવાનગીઓ હવે એક જ સ્થળેથી મેળવી શકશે. સિંગલ વિન્ડો ખાતે મળેલી અરજીઓનો માત્ર 24 કલાકમાં નિકાલ કરી મંજૂરી આપવાની ખાસ સુવિધા ઊભી કરવામાં આવી છે. આગામી 30મી માર્ચે ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થશે, જ્યારે વધુ વિગતો માટે સંપર્ક નંબર ૦૨૬૯૨-૭૭૯૦૦ પર સંપર્ક કરી શકાશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### મહેમદાવાદની શાળાઓમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે બાળકોએ 5000 માળા બનાવ્યા

**મહેમદાવાદ** | ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાની વિવિધ શાળાઓમાં ૨૦ માર્ચ 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે પક્ષીઓના



જતન માટે વિશેષ કાર્યક્રમો યોજાયાં હતાં. શાળાના બાળકોએ વેસ્ટ ખોખામાંથી પક્ષીઓ માટે ૫૦૦૦ જેટલા માળા તૈયાર કરી વિવિધ સ્થળોએ લગાવ્યા હતા અને પીવાના પાણીના કુંડા પણ મૂક્યા હતા. બી.આર.સી. ભવન દ્વારા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી પરેશભાઈ વાઘેલા સહિતના ઉચ્ચ અધિકારીઓને પણ પક્ષીઓના માળા અર્પણ કરવામાં આવ્યા હતા. આ ઉજવણી અંતર્ગત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પક્ષીઓના રક્ષણ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### આણંદમાં સિનિયર સિટીઝન મંડળ દ્વારા 'ગુજરાતી જલસો' સંગીત મહોત્સવ યોજાયો




**આણંદ** | આણંદના લાયન્સ હોલ ખાતે પ્રમુખ દેવેન્દ્રભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને સિનિયર સિટીઝન મંડળની સામાન્ય સભા સાથે 'ગુજરાતી જલસો' સંગીત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન નિરીશભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં જી.એન. ભાવસાર મ્યુઝિક ગ્રુપના કલાકારોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સંગીત પાર્ટીએ ગઝલો, લોકગીતો અને ગરબાની શાનદાર પ્રસ્તુતિ દ્વારા ઉપસ્થિત તમામ વડીલોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ સંસ્થાના મંત્રી વી.વી. બારૈયા દ્વારા કરવામાં આવી હતી.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### રાજ્યકક્ષાના એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિ.માં શિક્ષિકાનું સાહિત્ય સર્જક એવોર્ડથી સન્માન

**નડિયાદ** | જીસીઈઆરટી અને ડાયેટ કઠલાલના યજમાનપદે નડિયાદના યોગી ફાર્મ ખાતે 11મા રાજ્યકક્ષાના એજ્યુકેશનલ



ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિ-દિવસીય મહોત્સવમાં રાજ્યભરના ઇનોવેટિવ શિક્ષકોએ પોતાના નવાચારો રજૂ કર્યા હતા અને શિક્ષણ ક્ષેત્રે મહત્વની માહિતીનું આદાન-પ્રદાન કર્યું હતું. આ પ્રસંગે કપડવંજની સુણદા હાઇસ્કૂલના શિક્ષિકા પારુલ દેવમુરારી 'દેવ'ને તેમના સાહિત્યિક પ્રદાન બદલ મહાનુભાવોના હસ્તે 'સાહિત્ય સર્જક એવોર્ડ' એનાયત કરાયો હતો. શિક્ષણ સચિવ એસ. જે. ડુમરાળિયા અને જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં ખેડા જિલ્લાના સાહિત્ય સર્જકોનું વિશેષ સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### સિહોરા ગ્રામ પંચાયતના તલાટી નમ્રતાબેનની બદલી થતા ભાવભીનો વિદાય સમારંભ યોજાયો

**કપડવંજ** | કપડવંજ તાલુકાના સિહોરા ખાતે ફરજ બજાવતા તલાટી નમ્રતાબેન મહાવીરની વહીવટી કારણોસર પિઠાઈ ખાતે બદલી થતા



ગ્રામ પંચાયત દ્વારા વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે સરપંચ ગીરીશભાઈ પંચાલ અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી તલાટીની નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવી ભાવભીની વિદાય આપી હતી. આ કાર્યક્રમમાં તાલુકા સદસ્ય ગોપાલભાઈ અને પંચાયતના સદસ્યોએ ઉપસ્થિત રહી નમ્રતાબેનને તેમના આગામી કાર્યકાળ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

### કપડવંજમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ભાજપ યુવા મોરચા દ્વારા પક્ષીઓ માટે કુંડા લગાવાયા

**કપડવંજ** | ખેડા જિલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા કપડવંજ શહેરમાં



વિશ્વ ચકલી દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શહેરના વિવિધ વિસ્તારોમાં પક્ષીઓને પીવાના પાણીની સુવિધા મળી રહે તે હેતુથી કુંડાઓ લગાડવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા મહામંત્રી રાજેન્દ્રસિંહ ઝાલા, શહેર પ્રમુખ નયનભાઈ પટેલ અને મહામંત્રી રાઘવભાઈ દવે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુવા મોરચાના કાર્યકરોએ આ સેવાકીય કાર્ય દ્વારા જીવદયાનો સંદેશ ફેલાવી પર્યાવરણ જાળવણી માટે લોકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### કપડવંજમાં વડાપ્રધાનના જીવન પર આધારિત ભવ્ય મેગા મલ્ટીમીડિયા શો 'નમોત્સવ' યોજાયો

**કપડવંજ** | સમર્પણ યુવા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં



૧૦૦થી વધુ કલાકારોએ ગીત-સંગીત અને નૃત્ય દ્વારા પીએમ મોદીની જીવનગાથા રજૂ કરી હતી. પ્રખ્યાત કલાકાર સાંઈરામ દવેની વિશેષ રજૂઆત, જાજરમાન ડ્રોન શો અને આતશબાજીએ ઉપસ્થિત હજારો પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા. કપડવંજ કોલેજ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ નિ:શુલ્ક શોમાં વિવિધ વિસ્તારના અગ્રણીઓ અને વિશાળ જનમેદની સાક્ષી બની હતી.

### સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા રાજસ્થાનના ખેડૂતો માટે કૃષિ તાલીમ શિબિર યોજાઈ

**આણંદ** | વલ્લભ વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીના એગ્રો-ઈકોનોમિક રિસર્ચ સેન્ટર (AERC) દ્વારા ૧૫-૨૧ માર્ચ દરમિયાન



રાજસ્થાનના 30 પ્રગતિશીલ ખેડૂતો માટે ખાસ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખેડૂતોને નવીન ટેકનોલોજી, સજીવ ખેતી અને ઔષધીય છોડના વાવેતર અંગે કૃષિ નિષ્ણાતો દ્વારા ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાલીમાર્થીઓએ અમૂલ, NDDB અને આણંદ કૃષિ યુનિવર્સિટી જેવી અગ્રણી સંસ્થાઓની મુલાકાત લઈને આધુનિક કૃષિ પદ્ધતિઓનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ પ્રો. નિરંજન પટેલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ શિબિર ખેડૂતોની આવક અને ઉત્પાદકતા વધારવામાં આશીર્વાદરૂપ સાબિત થશે.

### ન્યૂ વલ્લભ વિદ્યાનગરની કોલેજમાં 'અખિલ ભારતીય મહર્ષિ ચરક સંસ્કૃત સમારોહ' યોજાયો




**આણંદ** | ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને સીવીએમ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે GJPIASR ખાતે દરમિયાન આયુર્વેદિક જ્ઞાનના પ્રસાર માટે દ્વિ-દિવસીય રાષ્ટ્રીય સમારોહનું આયોજન થયું હતું. આ અવસરે મહાનુભાવો દ્વારા 'સ્વાસ્થ્યમંજરી' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું અને આયુર્વેદ પ્રદર્શનની સાથે મફત નિદાન કેમ્પ પણ યોજાયો હતો. આ કાર્યક્રમમાં 250 જેટલા સ્પર્ધકોએ પેપર અને શોર્ટ-ફિલ્મ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો તથા નિષ્ણાત વૈદ્યો દ્વારા ચરક સંહિતા પર વિશેષ વ્યાખ્યાનો અપાયા હતાં. આ સમાપન સમારોહમાં સરદાર પટેલ યુનિવર્સિટી અને સીવીએમ યુનિવર્સિટીના કુલપતિઓના હસ્તે વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

### ગુજરાત વિદ્યાપીઠના બી.એડ. વિભાગના વિદ્યાર્થિની શબનમ સૈયદને પીએચડીની પદવી એનાયત

**આણંદ** | મહાત્મા ગાંધી સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના એજ્યુકેશન



વિભાગના વિદ્યાર્થિની શબનમ સિરાજુદ્દીન સૈયદને પીએચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી છે. તેમણે પ્રા. (ડો.) નિલેષભાઈ કાપડિયાના માર્ગદર્શન હેઠળ 'હજરત મહંમદ પયગંબર સાહેબનું શિક્ષણ ચિંતન' વિષય પર પોતાનો શોધ નિબંધ સફળતાપૂર્વક તૈયાર કર્યો હતો. વિદ્યાપીઠ દ્વારા આ શોધ નિબંધનો સ્વીકાર કરી તેમને આ ઉચ્ચ શૈક્ષણિક પદવીથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ નોંધપાત્ર સફળતા બદલ તેમના પરિવારજનો અને શૈક્ષણિક જગતના અગ્રણીઓએ તેમને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી છે.

### ચારુસેટમાં 'સેમિકન્ડક્ટર સમિટ 2.0'નું આયોજન: ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે જોડાણ મજબૂત બન્યું




**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીમાં 'સેમિકન્ડક્ટર સમિટ 2.0' યોજાઈ હતી, જેનો મુખ્ય હેતુ ભારતના સેમિકન્ડક્ટર મિશનને પ્રોત્સાહન આપી શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે મજબૂત કડી સ્થાપિત કરવાનો હતો. આ સમિટમાં વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓના 160થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને 'સિલિકોન શાર્ક ટેન્ક' તથા હેન્ડ્સ-ઓન વર્કશોપ જેવી 10થી વધુ ટેકનિકલ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા. આ કાર્યક્રમ દરમિયાન Monk9 અને Indisemic જેવી અગ્રણી કંપનીઓ સાથે બે મહત્વપૂર્ણ સમજૂતીકરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં.

### કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં ચિત્ર સ્પર્ધામાં 364 વિદ્યાર્થિનીએ કલાના કામણ પાથર્યા



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં 'Camel' કંપનીના સહયોગથી યોજાયેલી ચિત્ર સ્પર્ધામાં ધોરણ 6થી 8ની કુલ 364 વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં 'એન્યુઅલ ડે' અને 'માય સીટી માય હેરિટેજ' જેવા વિષયો પર વિદ્યાર્થિનીઓએ પોતાની સર્જનાત્મક શક્તિનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર 14 વિદ્યાર્થિનીઓને સંસ્થા દ્વારા સર્ટિફિકેટ અને શીલ્ડ એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ સફળતા બદલ સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલ અને આચાર્યા નિરાલીબેને તમામ વિજેતાઓને અને માર્ગદર્શક શિક્ષકોને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.